સપ્ટેમ્બર ૨૦૦૮

બાળવિજ્ઞાનનું


છૂટક પ્રતના રૂ. ૧૨




# માનવધર્મ






અક્રમ એક્સપ્રેસ





# માનવધર્મ


તંત્રી તથા સંપાદક :
ડીમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૨
સળંગ અંક : ૨
**સપ્ટેમ્બર ૨૦૦૮**



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org



**Publisher, Owner & Printed by :**
**Dimplebhai Mehta** on behalf of **Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printer/Press :**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.



લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦ ડોલર
યુ.કે. : ૭ પાઉન્ડ

પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૪૦ ડોલર
યુ.કે. : ૨૫ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


## સંપાદકીય

બાળમિત્રો, 'માનવધર્મ' શબ્દ બહુ મોટો લાગે છે ને? તમે એવું વિચારતા હશો ને કે જે જપ-તપ કરતા હોય, સેવા-પૂજા કરતા હોય એ માનવધર્મમાં કહેવાય, પણ ના. અહીં પરમ પૂજ્ય દાદાશ્રીએ 'માનવધર્મ'ની ખૂબ સુંદર વ્યાખ્યા આપી છે. મનુષ્ય તરીકે આપણો ધર્મ શું હોવો જોઇએ, એની સમજણ આ અંકમાં આપેલી છે.

આ ઉપરાંત કયા આધારે આપણને મનુષ્ય જન્મ મળે છે, કયા આધારે બીજી ગતિઓમાં જન્મ થાય છે, આ તમામ પ્રકારની સમજણ આ અંકમાથી મળશે.

તો ચાલો, આ સમજણને આપણે આપણા જીવનમાં અપનાવીએ અને સુખ-શાંતિ અનુભવીએ.

ડીમ્પલ મહેતા.



## અનુક્રમણિકા


૧. દાદા કહે છે... ૧
૨. વિચારી તો જુઓ ! ૨
૩. આ તો નવી જ વાત! ૪
૪. ચાલો રમીએ... ૬
૫. તમારી જાતને ચકાસી જુઓ ૮
૬. મોટામાં મોટો ધર્મ ૧૦
૭. મીઠી યાદેં ૧૨
૮. પઝલના જવાબો ૧૩
૯. મારી વાતો ૧૪

# દાદા કહે છે...



પ્રશ્નકર્તા : તો માનવધર્મ શું છે ?

દાદાશ્રી : માનવધર્મ એટલે શું ? થોડી ઘણી વાત કરું. આખી વાત એ તો બહુ મોટી વસ્તુ છે પણ થોડી વાત કરીએ આપણે. ટૂંકમાં તો કોઈ મનુષ્યને આપણા નિમિત્તે દુ:ખ ના થાય, બીજા જાનવરની વાત જવા દો પણ મનુષ્યો એકલાનું સાચવે કે એને મારા નિમિત્તે દુ:ખ ન જ થવું જોઈએ, એ માનવધર્મ છે.

બાકી, ખરી રીતે તો માનવધર્મ કોને કહેવાય છે? તમે શેઠ હો અને નોકરને તમે ખૂબ ટૈડકાવતા હો, તે ઘડીએ તમને વિચાર આવવો જોઈએ કે હું નોકર હોઉં તો શું થાય ? આટલો વિચાર આવે તો તમે એને ટૈડકાવવાનું પદ્ધતિસરનું કહેશો, વધારે નહીં કહો. તમે કોઈનું નુકસાન કરતા હો, તો તે ઘડીએ તમને એમ વિચાર આવે કે હું સામાને નુકસાન કરું છું, પણ કોઈ મારું નુકસાન કરે તો શું થાય?

માનવધર્મ એટલે આપણને જે ગમે છે એટલું લોકોને આપવું અને ના ગમતું હોય તે બીજાને આપવું નહીં. આપણને કો'ક ધોલ મારે તે નથી ગમતું, તો આપણે બીજાને ધોલ ના આપવી જોઈએ. આપણને કોઈ ગાળ દે તે આપણને નથી ગમતી. માટે બીજા કોઈને આપણે આપવી નહીં. માનવધર્મ એટલે આપણને જે ના રૂચે તે બીજાની પ્રત્યે કરવું નહીં. આપણને ગમતું હોય તે બીજા પ્રત્યે કરવું, એનું નામ માનવધર્મ. પછી કો'કના પંદર હજાર રૂપિયા, સો-સો રૂપિયાની નોટનું એક બંડલ આપણને રસ્તામાંથી જડ્યું તો આપણા મનમાં એમ થાય કે મારા આટલા રૂપિયા પડી જાય તો મને કેટલું દુ:ખ થાય, તો આને કેટલું દુ:ખ થતું હશે ? એટલે આપણે જઈને પેપરમાં જાહેર ખબર આપવી જોઈએ કે, 'ભાઈ, જાહેર ખબરના પૈસા આપી, માલ-સામાનનો પુરાવો આપીને તમારી વસ્તુ લઈ જાવ.' બસ, આટલી જ રીતે માનવતા સમજવાની છે. કારણ કે જેવું આપણને દુ:ખ થાય એવું સામાને દુ:ખ થતું હશે, એવું આપણે સમજી શકીએને ! આવી રીતે તમને હરેક બાબતમાં આવા વિચાર આવવા જોઈએ.



# વિચારી તો જુઓ!



સાંજે સ્કૂલ પૂરી થયાનો બેલ વાગ્યો. બધા બાળકો પોતપોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. તેવામાં સોનુની નજર રસ્તામાં પડેલા નાના પાકીટ પર પડી. સોનુએ આજુબાજુ નજર કરી. કોઈ જોતું તો નથીને? એ ખાતરી કર્યા પછી એણે પાકીટ લઈ લીધું. ખોલીને જોયું તો એમાં ૧૦૦ રૂપિયાની સાત નોટો અને થોડું પરચૂરણ હતું. આ જોઈ સોનુની આંખો ચમકી. એને આ પૈસાથી પોતે શું શું ખરીદશે, શું શું ખાશે, ક્યાં ક્યાં ફરશે, મજા કરશે એના હજારો વિચારો ફરી વળ્યા. એ વિચારતો હતો ત્યાં જ એને કોઇકે પાછળથી થાબડયો, ''અરે સોનુ! આ તારા હાથમાં શું છે ?'' જોયું તો એનો ફ્રેન્ડ રોનક હતો. એને જોઈ સોનુ ગભરાયેલા અવાજે બોલ્યો, ''કં...ઈ... ન...હીં.'' રોનકે સોનુના હાથમાં પાકીટ જોઇ લીધું. અને સોનુને ગભરાયેલો જોઇ એ વાત સમજી ગયો. સોનુ પણ પોતાના ફ્રેન્ડથી વાત છૂપી ન રાખી શક્યો.



બધી વાત સાંભળી રોનક પ્રેમથી સોનુને સમજાવતાં કહ્યું,''સોનુ, જો આપણું પૈસાવાળું પાકીટ પડી ગયું હોય અને કોઇ લઈ લે તો આપણને કેવું લાગે ?'' આ સાંભળી સોનુની નજર સમક્ષ પોતાના ૭૦૦ રૂપિયા ખોવાઇ જાય તો શું હાલત થાય, એના ફોટા દેખાવા લાગ્યા. ઘરમાં મમ્મી-પપ્પાને ઘરખર્ચમાં તકલીફ થઈ જાય. તેઓ દુઃખી દુઃખી થઇ જાય. આ ધ્યાનમાં આવતાં જ એને પોતાની ભૂલ સમજાઈ.

એણે તરત રોનકને કહ્યું, ''થેન્ક યુ રોનક, તે મને ઊંધા રસ્તે જતા રોક્યો છે. પણ હવે આ પાકીટનું શું કરશું ?'' બે મિનિટ વિચાર કર્યા પછી બંને જણા પોલીસ સ્ટેશને ગયા. ત્યાં પાકીટ જમા કરાવ્યું. પોલીસ ઓફિસર બાળકોની ઈમાનદારી જોઇને ખૂબ ખુશ થયા. તેમણે બાળકોને શાબાશી આપી, એમના અને એમની શાળાના નામ નોંધી લીધા. પોલીસે પાકિટમાંથી તેના માલિકના નામ-સરનામું શોધી તેમને પરત કર્યુ.

બે દિવસ પછી મનોરમાબેન, જેમનું એ પાકીટ હતું, તેમને આ વાતની જાણ થતાં તેઓ સોનુની શાળામાં ગયા. બંને બાળકોને પિન્સિપાલ પાસે બોલાવી ખૂબ પેમથી આશીર્વાદ આપ્યા અને બંનેને સરસ ભેટ આપી. પિન્સિપાલ પણ બંને બાળકોની માણિકતા જોઈ ખૂબ ખુશ થયા.



તો વ્હાલા બાળકો, ચાલો આજે આપણે નક્કી કરીએ કે આપણા જીવનમાં આવું કંઈ પણ બને ત્યારે આપણે એવું વિચારશું કે, ''જો મારી સાથે આવું બને તો મને કેવું થાય ?''

# આ તો નવી જ વાત!


## ચાર ગતિ ક્યા આધારે?








અણહક્કનું ખાય તે જાનવર થાય. અણહક્કનું એટલે મારા ભાગે જે આવ્યું તેય મારું અને તારા ભાગે જે આવ્યું તેય મારું. એટલે બીજાનું લઈ લેવાના વિચારો આવ્યા કરે. પોતાની પાસે હોય છતાં બીજાનું લઈ લેવાના વિચારો આવે.


તારે મારો આઈસક્રીમ ખાવો છે?...
પોતાના હક્કનું બીજાને આપી દે એ દેવગતિમાં જાય. એટલે પોતાના ભાગે જે આવ્યું હોય, તે પોતાને જરૂર હોય છતાં બીજાને આપી દે એ દેવગતિમાં જાય.



કોઈ પણ કારણ વગર, ફક્ત પોતાના આનંદ ખાતર બીજાનું ભયંકર નુકસાન કરે, દા.ત.લોકોના ઘર બાળી નાખે અને ખુશ થાય ત્યારે એ નર્કગતિમાં જાય.
હે..હે...મજા આવી. ઘર બાળવાની મજા આવી.

# ચાલો રમીએ...


(૧) નીચે આપેલી ચાર સ્ટીકને મીંડા પર એવી રીતે ગોઠવો કે બધાં જ મીંડા એમાં આવી જાય.



(૨) નીચેના ચોકઠામાં ૧ થી ૮ નંબર એવી રીતે ગોઠવો કે આગળ - પાછળના નંબર આડા,ઊભા કે ત્રાંસા કોઈ પણ રીતે બાજુમાં ન આવે. દા.ત. ૨ની આજુબાજુમા ૧ અને ૩ નંબર ન આવવા જોઈએ.




(૩) આમાંથી કોઈ પણ બે સળીને બીજી જગ્યાએ એવી રીી ગોઠવો કે પાંચમાંથી ચાર ચોરસ બની જાય.




(૪)






ખાલી ચોકઠામાં આપેલા આકાર એવી રીતે ગોઠવો કે ઊભી, આડી કે મુખ્ય બે ત્રાંસી હરોળમાં એકનો એક આકાર બે વાર ન આવે.

(૫) બાજુમાં આપેલી ૧૬ છત્રીઓમાંથી બે સરખી છત્રીઓ શોધો.








# તમારી જાતને ચકાસી જુઓ

## સાચા જવાબ પર ☑ કરો.

૧. આમાં માનવતા એટલે શું?



૧ મને કોઈ મારે તો મને દુઃખ થાય,માટે મારે એને મારવો ન જોઈએ. ☐

૨ એને મારવો જ જોઈએ, ભલે એને દુઃખ થાય. ☐

૨. નીકી, સીકી અને ચીકીમાંથી તમને કોણ ગમશે?










૧ નીકી,કારણ કે એ એની વસ્તુ બીજાને ખુશીથી આપી દે છે. ☐

૨ સીકી,કારણ કે એ બહુ ચાલાક છે. ☐

૩ ચીકી,કારણ કે એ કોઈનાથી ડરતો નથી. ☐

૩. આમાં તમે મીકીને શું સમજાવશો?






૧ જો તને ગંદુ બ્રેડ ખાવાનું ગમે તો જ તું એ બીજાને આપજે. ☐

૨ લીકી ગંદુ બ્રેડ ખાશે ત્યારે આપણને મજા આવશે. ☐

૪. તમે બસની લાંબી લાઈનમાં ઊભા છો. તમારો મિત્ર લાઈનમાં પહેલો ઊભો છે. શું તમે એની સાથે પહેલા ઊભા રહેવા જશો?



૧ ના, કારણ કે બીજા ઘણા લોકો છે જે મારાથી પહેલા આવેલા છે. ☐

૨ હા, કારણ કે એ મારો મિત્ર છે. ☐



૫. ટીચરે તમને ક્લાસનો મોનિટર બનાવ્યો છે. તમે ધ્યાન રાખશો કે,

૧ મારે કોઈને વઢવું ન જોઈએ. ☐

૨ હું મોનિટર છું. બધાને કંટ્રોલ કરવા મારે વઢવું જ પડે. ☐



# મોટામાં મોટો ધર્મ










સ્વપ્નિલમાં નાનપણથી જ ધર્મના સંસ્કાર હતા. એ નાનો હતો ત્યારથી રોજ દાદીને માળા ફેરવતા જોતો. દાદાને મંદિરે જતા જોતો. મમ્મી-પપ્પાને સેવા-પૂજા કરતા જોતો. આ જોઇ જોઇને એ પણ આ બધું કરતો થયો.

જેમ જેમ એ મોટો થવા લાગ્યો તેમ તેમ એણે અનુભવ કર્યો કે એનું ધ્યાન આ બધામાંથી ઓછું થવા લાગ્યું. માળા ફેરવતી વખતે એને ક્રિકેટ યાદ આવતું, પૂજા કરતી વખતે એને હોમવર્ક યાદ આવતું, મંદિરે જવાનું થાય ત્યારે એને ફ્રેન્ડસ સાથે રમવાનું યાદ આવતું. આ બધાના કારણે એનું ચિત્ત ભગવાનમાં રહેતું નહીં. ખ્યાલ આવતો હોવા છતાં પણ એ આમાં કોઈ

ફેરફાર કરી શકતો નહીં. એ અંદર ને અંદર મૂંઝાવા લાગ્યો. એને થતું, ''મને પાપ લાગશે તો ?'' પાપના ડરથી એ ધ્રુજી ઊઠતો.



એક દિવસ એણે પોતાની મૂંઝવણ પાડોશમાં રહેતા આનંદકાકાને કહી. આનંદકાકા સ્વપ્નિલને ખૂબ વહાલા હતા.સ્વપ્નિલની વાત સાંભળી આનંદકાકાએ ખૂબ પ્રેમથી એને સમજાવતા કહ્યું, ''બેટા, પાપનો જો તને વિચાર આવતો હોય તો તું તારી બેનને મારે, મમ્મી-પપ્પાની સામે બોલે, દાદા-દાદીનું કહ્યું ન સાંભળે એમાં વધારે પાપ છે. કારણ કે એમાં સામેવાળાને દુઃખ થાય છે.''



સ્વપ્નિલ આનંદકાકાની વાત ધ્યાનથી સાંભળતો હતો. આનંદકાકાએ કહ્યું, ''માટે તું આજથી એટલું ધ્યાન રાખજે કે તારાથી કોઇને પણ દુઃખ ન થાય. આટલું જો તું સાચવીશ તો એમાં બધા જ ધર્મો આવી ગયા. ભગવાન તારાથી ખૂબ રાજી થશે. આટલું કરીશ ?''

સ્વપ્નિલે તરત જ 'હા' કહી.

આનંદકાકાએ કહ્યું, ''અને રોજ ભગવાનને પ્રાર્થના કરજે કે મારા મનથી, વાણીથી કે વર્તનથી કોઇને પણ દુઃખ ન હો. આ જ મોટામાં મોટો ધર્મ છે.''

આનંદકાકાની વાત સાંભળી સ્વપ્નિલ ખૂબ ખુશ થઇ ગયો. એણે ત્યારે જ નક્કી કર્યું કે હવે એ કોઇને દુઃખ નહીં આપે.



# મીઠી યાદેં

હલ્લો ફ્રેન્ડસ, આજે મેં દીપકભાઇને બાળકો સાથે વાતો કરતા જોયા. એ જોઇને મને નીરુમાનો એક નાની છોકરી સાથેનો પ્રસંગ યાદ આવી ગયો, એ કહું.



એક વાર એક નાની છોકરીએ નીરુમાને એની મમ્મીની ફરિયાદ કરતાં કહ્યું, ''નીરુમા, મારી મમ્મી મને ઇગ્નોર (ધ્યાન ન આપવું) કરે છે. મારી નાની બેનનું જ ધ્યાન રાખે છે.''નીરુમાએ એને સમજાવતાં પૂછ્યું, ''તારી નાની બેનને ભૂખ લાગે તો એ મમ્મીને કહી શકે છે ?'' છોકરીએ જવાબ આપ્યો,''ના, એ હજી નાની છે. બોલી શકતી નથી.'' નીરુમાએ કહ્યું, ''એને કંઇ દુઃખતું હોય, તકલીફ થતી હોય તો એ શું કરે ?'' છોકરીએ જવાબ આપ્યો, ''કંઇ નહીં, ફક્ત રડ્યા કરે.'' નીરુમાએ કહ્યું, ''અને તને જો ભૂખ લાગી હોય, કંઈ તકલીફ હોય તો તું મમ્મીને કહી શકે ?'' છોકરીએ કહ્યું, ''હા.'' નીરુમાએ કહ્યું, ''એનો અર્થ કે મમ્મી તારા માટે નિશ્ચિંત છે. તને કંઇ પણ થશે તો તું તરત એમને કહીશ. એ પ્રમાણે મમ્મી તારી જરુરિયાતો પૂરી કરશે. પણ બેન બોલી નહીં શકવાથી મમ્મીએ એનું ધ્યાન રાખવું પડે કે એને કંઇ તકલીફ તો નથી થતી ને ! હવે તું જ કહે, મમ્મીએ કોનું વધારે ધ્યાન રાખવું જોઇએ ?'' આ સાંભળી પેલી છોકરીને ખૂબ સંતોષ થયો. એણે તરત કહ્યું, ''નાની બેનનું જ ધ્યાન રાખવું જોઇએ.''

નીરુમાએ કહ્યું, ''અને તું જ્યારે નાની હતી, બોલી શકતી ન હતી ત્યારે મમ્મી તારું પણ આવું જ ધ્યાન રાખતી હતી. પણ એ તને અત્યારે યાદ નથી. હવે તું મોટી થઇ ગઇ છે, બોલી શકે છે અને નાની બેન નથી બોલી શકતી, તેથી મમ્મી એનું વધું ધ્યાન રાખે છે. ઊલટું તારે પણ નાની બેનનું ધ્યાન રાખવામાં મમ્મીને મદદ કરવી જોઇએ.''


તે દિવસથી પેલી છોકરીમાં એકદમ ફેરફાર થઇ ગયો. ત્યાર બાદ ક્યારેય એને એની નાની બેન સાથે સરખામણી થઇ નથી.



# પઝલના જવાબો




(૧)




(૨)

| | | | |
|---|---|---|---|
| | ૩ | ૫ | |
| ૭ | ૧ | ૮ | ૨ |
| | ૬ | ૪ | |

(૩)



(૪)



(૫) ૮ અને ૧૪ નંબરની છત્રીઓ

## હા...હા...હા...હા...

નટુ (રડતાં રડતાં) : પપ્પા, ન્યુટને જ્યારે પહેલી વખત ઝાડ કાપ્યું હતું ત્યારે એના પપ્પાએ એને ચોકલેટ આપી હતી અને મેં ઝાડ કાપ્યું ત્યારે તમે મને લાફો માર્યો.


પપ્પા (ગુસ્સામાં) : ન્યુટને જ્યારે ઝાડ કાપ્યું હતું ત્યારે એના પપ્પા ઝાડ પર ન હતા.

## મારી સમજણ

તમારો નોકર કાચના વાસણ ધોઇ રહ્યો છે. એક ડીશ એના હાથમાંથી છટકી ગઇ અને તમારા પગ પર પડી. તમને લોહી નીકળવા લાગ્યું. નોકરે ગભરાઇને તરત તમને 'સોરી' કહ્યું. આવા વખતે તમે શું કરશો ?

તમારા જવાબ તમારા નામ, સરનામા અને ઉંમર સાથે પાછળ આપેલા સરનામે આ મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપશો. સૌથી સારા જવાબને આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

અક્રમ એક્સપ્રેસ
સપ્ટેમ્બર ૨૦૦૮
વર્ષ : ૧, અંક : ૨
સળંગ અંક : ૨



Posted at AHD.P.S.O. Sorting office Set - 1
on 8th of each month.

# મારી વાતો

## બહુ ગમ્યું

હું ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે એક દિવસ એક છોકરાએ સ્કૂલમાં મને ચીડવ્યો. મને એટલો ગુસ્સો આવ્યો કે મેં એને બેન્ચ પર પછાડી ખૂબ માર્યો. એ છોકરો રડી પડ્યો. છતાં બીજે દિવસે સ્કૂલમાં આવીને એણે તરત મારી સાથે હાથ મિલાવ્યો. મને થયું કે મેં આને આટલો બધો માર્યો છતાં આ કેટલી સહજતાથી મારી પાસે આવી શકે છે! આ મને બહુ ગમ્યું.

હર્ષ દક્ષિણી, અમદાવાદ
ઉંમર વર્ષ - ૧૩

અલ્પેશ પટેલ,
મુંબઈ
ઉંમર વર્ષ - ૧૬



## અનુભવ

એક દિવસ મેં મારી બહેનને ખૂબ માર્યું કારણ કે એ ભણવાની બદલે ડ્રોઈંગ જ કર્યા કરતી હતી. એ ખૂબ રડી. રાત્રે સૂતી વખતે મને મારા ખરાબ વર્તન પર પસ્તાવો થવા લાગ્યો. મને થયું કે મને જો કોઈ આવી રીતે મારે તો મને કેટલું દુ:ખ થાય માટે મારે એને ન મારવું જોઈએ. મેં ત્યારે જ એની માફી માંગી લેવાનું નક્કી કર્યું. મેં એને એક મોટી ભેટ આપવાનો પણ વિચાર કર્યો. બીજે દિવસે સવારે ઊઠીને મેં સૂર્યને નમસ્કાર કર્યા અને ભગવાનને પ્રાર્થના કરી કે મેં મારી બેન સાથે જે પણ ખરાબ વર્તન કર્યું છે એ બધું મને મારા પર જ પાછું આપો. આવી પ્રાર્થના કર્યા બાદ જ્યારે મેં આંખો ખોલી ત્યારે મેં એવો અનુભવ કર્યો કે મારા બધા ખરાબ કર્મો ધોવાઈ ગયા છે અને સારા વિચારો મારા મનમાં આવી ગયા છે. જ્યારે મારી બહેન ઊઠી ત્યારે મેં એના પગમાં પડીને એની માફી માંગી. આ રીતે મેં મારી ભૂલને સુધારી.

જીગર જોશી, વિરાર
ઉંમર વર્ષ - ૧૪

તમે પણ તમારા અનુભવો, તમારી બનાવેલી કવિતાઓ, વાર્તાઓ, ચિત્રો અમને મોકલી શકો છો. એમાંથી જે સારા લાગશે એને અમે આ મેગેઝિનમાં ચોક્કસ પ્રકાશિત કરશું. એમાં તમારું નામ, સરનામુ અને ઉંમર લખવાનું ભૂલતા નહીં.

આ મેગેઝિન માટેનો કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

અક્રમ એક્સપ્રેસ,બાળવિજ્ઞાન વિભાગ,ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી
અમદાવાદ કલોલ હાઈવે, અડાલજ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશન કર્યું છે.